
N.Nosov



નિકોલાઈ નોસોવ

ચિત્ર : વાઈ. મિગુનોવ



શિયાળા ની ઠંડી થી બચવા માટે બારી ની ફ્રેમ પર પુટ્ટી લગાવવા માટે એક દિવસ કાંચવાળો આવ્યો. કોસ્ત્યા અને શૂરીક ઉભા રહીને એને કામ પૂરું કરતો જોઈ રહ્યા હતા.

જયારે કાંચવાળો ચાલ્યો ગયો, તો બન્નેએ બારીમાંથી નરમ પુટ્ટી ખોતરી ને કાઢી અને એનાથી જાનવરો ના મોડલ બનાવવા શરુ કર્યા. મુશ્કેલી એ હતી કે જાનવરો ના આકાર સરખી રીતે બનતા ન હતા. ત્યાં કોસ્ત્યાએ એક સાપ બનાવ્યો અને શૂરીક ને કહ્યું, "જો મેં આ શું બનાવ્યું છે."

શૂરીકે નજીક થી જોયું અને કહ્યું,

"માંસ નું સોસેજ."

કોસ્ત્યા એ નારાજ થઈ ને પુટ્ટી ને એના ખિસ્સા માં છુપાવી દીધી.

પછી બંને સાથે સિનેમા જોવા ચાલ્યા ગયા. શૂરીક આખે રસ્તે પુટ્ટી ને લઈને ચિંતિત હતો.

"પુટ્ટી નું શું થયું?" એ વારે-વારે પૂછતો રહ્યો.

આખરે કોસ્ત્યા એ એને કહ્યું,

"પુટ્ટી મારા ખિસ્સા માં છે. તને લાગ્યું કે હું એને ખાઈ ગયો, કેમ?"

એમણે સિનેમા ની ટિકિટ ખરીદી અને શો જોતા પોતાને માટે ખાવા માટે બે પેપરમિન્ટ બાર પણ ખરીદ્યા.

અચાનક ઘંટડી વાગી અને કોસ્ત્યા બે સીટ પકડાવવા માટે દોડયો; શૂરીક ભીડ માં ફસાઈ ગયો.

કોસ્ત્યા ને બે સારી સીટ મળી. એક પર એ બેસી ગયો અને બીજી એણે પુટ્ટી રાખીને 'બુક' કરી લીધી.

અચાનક એક અજાણી વ્યક્તિ આવી અને એ પુટ્ટી પર બેસી ગયો.





કોસ્ત્યા એ કહ્યું,

"એ જગ્યા પહેલે થી અનામત છે. એ સીટ શૂરીક માટે છે."

"શૂરીક કોણ છે? જો, હું અહીં બેઠો છું," પેલા માણસે કહ્યું.

ત્યાં શૂરીક દોડી ને આવ્યો અને એ કોસ્ત્યા ની બાજુ ની સીટ પર બેસી ગયો.

"પુટ્ટી ક્યાં છે?" એણે પૂછ્યું.

"શશશ!" કોસ્ત્યા એ પેલા માણસ તરફ આંખ મારતા ધીમા અવાજે કહ્યું.

"એ કોણ છે?" શૂરીકે પૂછ્યું.

"મને ખબર નથી."

"તું એનાથી ડરી કેમ રહ્યો છે?"

"કારણકે એ પુટ્ટી પર બેઠો છે."

"તો તેં એને પુટ્ટી કેમ આપી?"

"મેં એને પુટ્ટી નથી આપી. એ બસ એકદમ આવીને એની ઉપર બેસી ગયો."

"તો તું એની પાસે થી પુટ્ટી પાછી લઈ લે."

ત્યાં લાઈટ બંધ થઈ અને ફિલ્મ શરુ થઈ.

"માફ કરશો, મહાશય," કોસ્ત્યા એ કહ્યું, "મને મારી પુટ્ટી આપો."

"કઈ પુટ્ટી?"


"એ પુટ્ટી જે અમે બારી ની ફ્રેમ માં થી ખોતરી ને કાઢી હતી."

"તમે એને બારી ની ફ્રેમ માં થી ખોતરી હતી?"

"સાવ સાચું. અમને એ પાછી આપી દો, મિસ્ટર."

"પણ મેં તો તમારી પુટ્ટી લીધી નથી."

"અમને ખબર છે કે તમે અમારી પુટ્ટી લીધી નથી. પણ તમે એના પર બેઠા છો."



"હું એના પર બેઠો છું?"

"હા."

એ માણસ એની સીટ માં થી ઉછળી પડયો.

"તેં મને પહેલા કેમ ન કહ્યું?" એણે બૂમ પાડી.

"મેં તમને પહેલા જ કહ્યું હતું કે એ સીટ રિઝર્વ્ડ છે."

"તેં મને એ ક્યારે કહ્યું? હું સીટ પર બેઠા પછી!"

"મને શું ખબર તમે ત્યાં બેસવાના છો?"

અજનબી ઉભો થઈ ગયો અને એની સીટ પર ફંફોસવા લાગ્યો.

"અચ્છા, એ પુટ્ટી ક્યાં છે, ભોટ છોકરા?" એ માણસે દાંત વચ્ચે થી સિસકારો કર્યો.

"થોભો, પુટ્ટી ત્યાં છે!" કોસ્ત્યા એ બૂમ પાડી.

"ક્યાં?"

"ત્યાં, આખી સીટ પર. ચિંતા નહીં કરો, અમે એને તરત સાફ કરી દઈશું."

"એ જ સારું થશે! તું એને જલ્દી સાફ કર!" એ માણસ ફદફદયો.



"નીચે બેસો!" પાછળ થી દર્શકો એ બૂમ પાડી.

"હું બેસી નહીં શકું," માણસે સમજાવ્યું. "મારી સીટ પર પુટ્ટી ચીપકેલી છે."

આખરે છોકરાઓ એ બધી પુટ્ટી સાફ કરી લીધી.

"હવે બધું બરાબર છે," છોકરાઓ એ કહ્યું. "હવે તમે બેસી જાઓ."

એ માણસ એની સીટ પર બેસી ગયો.

અને બધું શાંત થઈ ગયું. કોસ્ત્યા શાંતિ થી ફિલ્મ જોવા ચાહતો હતો, પણ અચાનક એણે શૂરીક ને ગણગણાટ કરતા સાંભળ્યો.

"શું તેં તારો પેપરમીંટ બાર ખાધો?"

"હજી નહીં. તેં ખાધો?"

"ના, મેં પણ નથી ખાધો. ચાલો હવે એને ખાઈએ."

"ચાલો ઠીક છે."

પેપરમીંટ બાર ખાવાનું શરુ થયું. કોસ્ત્યા અચાનક ફદફદયો અને ઉધરસ ખાવા લાગ્યો.

"શૂરીક, તારો પેપરમીંટ બાર કેવો છે?"

"બહુ સ્વાદિષ્ટ."

"મારો તો ભયાનક છે. સાવ નરમ અને ચોંટી જાય એવો.

કદાચ એ મારા ખિસ્સા માં ઓગળી ગયો હશે."

"પુટ્ટી ક્યાં છે?"

"એ અહીં છે, મારા ખિસ્સા માં...બસ એક મિનિટ! મારા ખિસ્સા માં

પુટ્ટી નહીં મારો પેપરમીંટ બાર છે. ઉહ! મેં અંધારા માં એને અદલ-

બદલ કરી નાખ્યા. ઓહ! કોઈ આશ્ચર્ય નહીં કે એનો સ્વાદ બહુ

સારો ન હતો."

અણગમા થી, કોસ્ત્યા એ પુટ્ટી ને ભોંય પર ફેંકી દીધી.

"તેં એને ફેંકી કેમ દીધી?" શૂરીકે પૂછ્યું.

"હવે મારે એનું શું કામ?"

"તને કદાચ ન હોય, પણ મને એનું કામ પડી શકે," શૂરીક બબડયો અને

પુટ્ટી ને શોધવા સીટ નીચે સરકવા લાગ્યો.



"ક્યાં છે?" એણે ગુસ્સા થી કહ્યું.

"હું અંધારા માં એને કેવી રીતે શોધી શકું?"

"ઠીક છે, હું શોધી કાઢીશ,"

કોસ્ત્યા એ સીટ નીચે શોધવા

ફર્શ પર બેસતા કહ્યું.

"આઉચ!" અચાનક નીચે થી અવાજ આવ્યો. "હું કહું છું, મિસ્ટર, ઉતરી જાઓ."

"તું કોણ છે?"

"એ હું છું."

"હું એટલે કોણ?"

"હું, કોસ્ત્યા. મારા પરથી ઉતરી જાઓ."

"પણ હું તારી ઉપર નથી."

"હા, તમારો પગ મારા હાથ પર છે."

"સીટ નીચે સરકવાનો તને બરાબર બોધપાઠ મળ્યો છે."



"હું તો મારી પુટ્ટી શોધી રહ્યો હતો."

કોસ્ત્યા સીટ નીચે સરક્યો અને અચાનક એ શૂરીક ની સામે આવી ગયો.

"એ કોણ છે?" એણે ભયભીત અવાજ માં પૂછ્યું.

"એ હું છું, શૂરીક."

"ઠીક છે, અને આ હું છું, કોસ્ત્યા."

"શું તને પુટ્ટી મળી?"

"ના, મને એ ન મળી."

"મને પણ નહીં."

"કદાચ આપણે માટે એ સારું થશે કે આપણે ફિલ્મ નો બાકી નો ભાગ જોઈ લઈએ, નહીં તો અપણે દર્શકો ને ડરાવી દઇશું; એ વિચારશે કે કૂતરા એના પગ માં પોતાનું નાક રગડી રહ્યા છે."

કોસ્ત્યા અને શૂરીક સીટ નીચે સરકતા આખરે એની સીટ પર બેસી ગયા - બરાબર એ સમયે જયારે સ્ક્રીન પર "END" એટલે કે "સમાપ્ત" શબ્દ ફ્લેશ થયો.

બધા દર્શકોએ બહાર નીકળવાના દરવાજા તરફ ધસારો કર્યો. બંને છોકરાઓ એની પાછળ-પાછળ રસ્તા પર આવ્યા.

"આપણે કેવી ફિલ્મ જોતા હતા?" કોસ્ત્યા એ પૂછ્યું. "મને કંઈ સમજાયું નહીં."

"તને લાગે છે કે હું કંઈ સમજ્યો?" શૂરીકે ઉત્તર આપ્યો. "કેટલી બકવાસ ફિલ્મ હતી. આવી ફિલ્મો દેખાડવી ન જોઈએ!"